युगप्रधान दादा

# શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ

[મૂળ તથા સમીક્ષા]

કર્તા : વાચક લાવણ્યચંદ્રગણિ
સંપાદક : મુનિ શ્રી કલાપ્રભસાગર મ. સા.

'શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ'ની એક નકલ બિકાનેરવાસી શ્રી અગરચંદ નાહટા પાસેથી તા. ૧૫-૧-૭૯ના પ્રાપ્ત થયેલી. આ વિરલ વૃતિ પ્રાપ્ત થતાં અને તેમાંની પ્રાપ્ત થતી પ્રમાણભૂત હકીકતો જોતાં આનંદ અનુભવ્યો. શ્રી કલ્યાણસાગરસૂરિ જેવા પ્રતિભાસંપન્ન અને શાસનપ્રભાવક પૂ. આચાર્યશ્રીની જન્મતિથિ અંગે પ્રવર્તતા મતાંતર અંગે સુખદ અંત લવનાર વૈશાખ સુદ ૬-જન્મતિથિનું[1] આ બીજું પ્રમાણ પ્રસ્તુત કૃતિમાંથી પ્રાપ્ત થાય છે; જ્યારે સ્વર્ગતિથિ અંગે આ જ ઐતિહાસિક કૃતિમાં સં. ૧૭૧૭, આસો સુદ ૧૩ની તિથિનો ઉલ્લેખ મળતાં એક નવી જ વિગત સર્વ પ્રથમવાર પ્રાપ્ત થાય છે. અને આ પ્રથમ વાર જ પ્રકાશિત થાય છે. આજ સુધીમાં પ્રાપ્ત થયેલા ઉલ્લેખો મુજબ વૈશાખ સુદ ૩-એ કલ્યાણાગરસૂરિની સ્વર્ગતિથિ મનાય છે. પણ હવે, આ માન્યતા સુધારવી રહી, એમ આ નિર્વાણરાસથી જ્ઞાત થાય છે.

"सं. १७१८ वर्षे विशाख सुदी ३ गु." એવો ઉલ્લેખ પ્રસ્તુત રાસને અંતે છે. એટલે શ્રી કલ્યાણસાગરસૂરિના સ્વર્ગગમન બાદ તરત જ આ રચના થયેલી છે. શ્રી કલ્યાણસાગરસૂરિના પટ્ટધર શ્રી અમરસાગરસૂરિના રાજ્યમાં પં. શ્રી ઉત્તચચંદ્રના શિષ્ય વાચક શ્રી લક્ષ્મીચંદ્રના શિષ્ય વાચક શ્રી લાવણ્યચંદ્રજી આ રાસના રચયિતા છે. પ્રારંભમાં ભૂજ (કચ્છ)ના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને મંગલ રૂપે યાદ કરવામાં આવ્યા હોઈ રચના સ્થળ ભૂજ છે, એ સ્પષ્ટ થાય છે.

શ્રી લાવણ્યચંદ્ર રચિત 'વીરવંશાનુક્રમ સંસ્કૃત પદ્યબદ્ધ સંક્ષિપ્ત પટ્ટાવલી' પ્રાપ્ત થાય છે. તેમણે રચેલું 'પાસ જિણંદ પ્રસિદ્ધ સિદ્ધ ગોડીપુર મંડણ...' એ ગોડી પાર્શ્વનાથનું ઐતિહાસિક ચોઢાળિયું શ્રી અચલગચ્છના ઘણા આરાધકોને કંઠસ્થ હોય છે. તે સિવાય તેમની સાધુવંદના-સાધુગુણભાસ તથા અન્ય કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે. તે ઉપરથી તેઓ એક શ્રદ્ધેય અને માન્ય કવિ સિદ્ધ થાય છે. ગ્રંથરચનાઓ ઉપરથી તેમની હયાતિ સં. ૧૭૧૭ થી સં. ૧૭૬૩ સુધી તો નિશ્ચિત જ છે.

આ રાસના કર્તા લાવણ્યચંદ્રજી પાયઃ શ્રી કલ્યાણસાગરસૂરિના સ્વર્ગગમન વખતે ભૂજમાં હાજર હશે, એમ રાસમાંનું હૃદયદ્રાવક વર્ણન વાંચતાં લાગે છે. તેઓ શ્રી કલ્યાણસાગરસૂરિ સાથે ભૂજમાં ચાતુર્માસ રહ્યા હશે.

૧૮મા સૈકાના ઉત્તરાર્ધમાં તે વખતની પ્રચલિત જૂની ગુજરાતીમાં ૧૦ ઢાળ અને લગભગ ૧૧૩ કંડિકા પ્રમાણ આ રાસનો ઉતારો શ્રી અગરચંદ નાહટાએ વર્ષો પહેલાં ઉજ્જૈનના શ્રી ચંદ્રસાગર-

---

૧. પ્રથમ પ્રમાણ માટે જુઓ: આ ગ્રંથમાં અન્યત્ર પ્રકાશિત 'શ્રી કલ્યાણસાગરસૂરિ સ્તુતિ.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિ જ્ઞાન ભંડારના સંગ્રહની પ્રત પરથી કરેલો. શ્રી નાહટાના અનુમાન મુજબ આ રાસની બીજી પ્રત કલકત્તાના એક સંગ્રહમાં પણ છે, પણ દુઃખની એ વાત છે કે, 'શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ'ની ન તો મૂળ પ્રતો મળી છે કે ન આ કૃતિ અંગે માહિતી મળી છે.

આ રાસની અન્ય પ્રતો મળે તો શુદ્ધ પાઠ તૈયાર કરી શકાય. આમ છતાં, આ રાસ પરથી કરેલી કેટલીક વિગતોની સંક્ષિપ્ત તારવણી આ પ્રમાણે છે :

પ્રારંભમાં, કવિશ્રીએ "ભૂજ (કચ્છ)ના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને મંગલ રૂપે યાદ કરી શ્રી ધર્મમૂર્તિસૂરિના પટ્ટધર કલ્યાણસાગરસૂરિનું શુભ નિર્વાણરાસ રચું છું." તેમ જણાવેલ છે. લોલાડાના શ્રીમાલી નાનિંગ કોઠારીનાં પત્ની નામિલદેની કુક્ષિથી સં. ૧૬૩૩ વૈ. સુ. ૬ ના કોડનકુમારનો જન્મ થયેલો. પહેલી ઢાળમાં કોડનકુમારની દીક્ષા પછીની વિગતો આ પ્રમાણે છે : શ્રી ધર્મમૂર્તિસૂરિ પાસે કોડનકુમારે ૧૬૪૨ માં દીક્ષા લીધી. બાલમુનિ શ્રી કલ્યાણસાગરજી વિદ્યાવંત, વિવેકી અને બુદ્ધિશાળી હતા. બાળ છતાં સંવેગી વૈરાગી હતા. તેમનો દેહ સુકોમળ તેમ જ સુવર્ણ જેવો તેજસ્વી હતો.

સં. ૧૬૪૯ માં તેમને આચાર્યપદ અપાયેલ મહેતા ગોવિંદજીએ આડંબરપૂર્વક મહોત્સવ કરેલો. શ્રી કલ્યાણસાગરસૂરિ વીસ વર્ષની યુવાન વયમાં જ 'યુગપ્રધાન,' 'ભટ્ટારક' જેવા માનવંતા બિરુદોથી પ્રશંસાતા હતા. તેમણે વસુધા પર વિચરી અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠા કરાવી. અનેક રાજાઓને પ્રતિબોધ્યા. તેમના ઉપદેશથી શત્રુંજયાદિ તીર્થોના સંઘો નીકળ્યા હતા.

તેઓએ શિષ્યોને ઉપાધ્યાય, વણારીસ (વાચનાચાર્ય) ઇત્યાદિ પદો આપી ગચ્છની શોભા વધારી હતી. તેઓએ અનેકને લઘુ અને વડી દીક્ષાઓ આપી હતી. અનેકને વ્રતધારી શ્રાવકો બનાવ્યા હતા, તથા અનેકોને આલોચના આપી ભવસમુદ્રથી તાર્યા હતા. તેમનાં દર્શનથી શ્વેતાંબરો તેમ જ દિગંબરો પણ સંતોષ પામતા હતા. ખંભાતમાં મુનિ શ્રી અમરસાગરજીને સૂરિપદથી અલંકૃત કરેલા. અમરસાગર સૂરિના પદ-મહોત્સવમાં અજાહરાના દોશી લહુજીએ ઘણું ધન ખરચેલું. ત્યાંથી તેઓ દીવબંદરે ચોમાસું રહ્યા. ચોમાસા બાદ ભૂજ સંઘના તથા રાજાના આગ્રહથી અને આદરથી ઘણા સાધુઓ સાથે તેઓ કચ્છ પધાર્યા. રાજા અને સંઘે ભાવપૂર્વક ભવ્ય સામૈયું કરેલું અને નગરમાં પધરાવ્યા. આગ્રહપૂર્વક બીજા વર્ષે પણ તેડાવ્યા અને ઘણા સંઘો દર્શનાર્થે આવ્યા, તેમ જ ઉદારતાપૂર્વક મહોત્સવો આદિમાં ઘણું ધન ખર્ચ્યું. કવિ કહે છે કે, 'પર્યુષણ પર્વ પણ ખૂબ જ આરાધનાપૂર્વક પસાર થયા. પણ, આસો સુદ તેરસના જે હકીકત બની તે શોક તજીને સાંભળો. જેમના યશને ચંદ્ર કિરણો રૂપે જગમાં ગાતા હતો, એવા શ્રી કલ્યાણસાગરસૂરિએ સંઘને પોતાની પાસે તેડાવ્યો. પ્રથમ પોતાના પટ્ટધર સમેત મુનિઓને શીખ આપી : 'વત્સ ! દરેક મુનિઓ પર સરખી દૃષ્ટિ રાખજો. વચનથી પણ કોઈને દુભવશો નહિ. તેથી ગચ્છ ખૂબ જ સારી રીતે ચાલશે. તુચ્છ વચનો સંભળાવે તો પણ મનમાં ઉપશમ ધરજો દરેક કામ વિચારીને કરજો. શુભ કાર્યોમાં નિર્ભય અને ટેકવાળા હોજો. હે મુનિઓ ! તમે ગુરુઓની આજ્ઞામાં રહેજો. પંચાચાર સારી રીતે પાળજો. હે સંઘ ! તમે સૌ અબાધ રીતે જિન ધર્મને માનજો. હમણાં જેમ આજ્ઞા માનો છો, તેમ સાધુઓને માનશો, તો શાસનશોભા વધશે.'

સૂરિજીની ઉપરોક્ત શીખ બધા સાંભળી રહ્યા હતા. બધાનાં મનમાં થયું કે, આજે ગુરુદેવ કેમ બધાને સાથે સમજાવે છે ? શ્રી સંઘે પ્રશ્ન પૂછતાં ગુરુએ કહ્યું : 'આજે અંગસ્ફૂરણના જ્ઞાનથી તેમ જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વપ્ન જોયેલું છે, તે અનુસાર મારું આયુષ્ય પૂર્ણ થવાનું છે; જેથી મને અનશન કરવાની ભાવના થઈ છે. નિર્મળ હૃદયે આરાધના કરવાપૂર્વક હવે આત્માનું કામ સાધવું જરૂરી છે.'

ગુરુદેવના મુખથી ગુરુદેવનાં મૃત્યુ અને અનશનની વાત સાંભળી સૌને વજ્રપાત જેવું દુઃખ લાગ્યું. આંખમાં આંસુ લાવી સૌ એમ કહેવા લાગ્યા : 'હે શાસનના નાયક મુનિ! હે જગત્ગુરુ ! આપ તો સાવધાન જ છો. જ્ઞાનના બળથી ગાજતા આપ દેશ-દેશાવરમાં વિચરી મોક્ષનો શુભ માર્ગ દેખાડો છો. અનેક સ્થળોના શ્રાવકો ઉત્કંઠિત થઈ વિચારે છે કે, ઘણા દિવસે ગચ્છનાયક ગુરુવરનાં દર્શન કરીશું. આપ આવા સમયે દેહ ન છોડો. આપના મૃત્યુના સમાચારથી પરિવાર પણ દુઃખ પામે છે' ત્યારે સૂરિજી કહે છે : 'આ સમયે આરાધના જ કરવા યોગ્ય છે.'

રાસકાર કવિએ અહીં આરાધના અંગે સુંદર વર્ણન આપ્યું છે. જીવના ૫૬૩ ભેદોનું વિગતવાર વર્ણન આપવા સાથે તેઓએ ત્રિકાલમાં થયેલ વિરાધના અંગે ક્ષમાપના, ચાર શરણાં, અઢાર પાપસ્થાનકોની ગર્હા વગેરેને પણ વિસ્તારથી કાવ્ય રૂપે વણી લીધેલ છે.

શ્રી કલ્યાણસાગરસૂરિએ આ રીતે સર્વ જીવો સાથે ક્ષમાપના કરી, ચાર શરણાં સ્વીકાર્યાં. મસ્તક નમાવી સાચા હૃદયે શલ્યશુદ્ધિ કરી. અઢાર પાપસ્થાનકોની નિંદા કરી. મન, વચન અને કાયાથી ચારે આહાર તજ્યા. દેહ-વસ્તિ-ઉપધિ અને પરિવારને વોસિરાવ્યા. શ્રી સંઘના મુખથી નવકાર ગણાવા-પૂર્વક અણસણનો સ્વીકાર કર્યો.

'મારું કોઈ નથી, હું કોઈનો નથી. એક ધર્મ જ સાચો મિત્ર છે.' ચાર શરણાં સ્વીકારીને બાર ભાવના ભાવતાં શ્રી કલ્યાણસાગરસૂરિએ સૂતે સૂતે લોકાગ્રભાગ સિદ્ધશિલા પર ચિત્ત સ્થિર કર્યું. આ દૃશ્ય જોઈ ધીર એવા મુનિઓ પણ કાયર થયા. એક ઘડી મોટી વેળા જેવી ભાસવા લાગી. સૌ વ્યાકુળ થઈને વિલાપ કરવા લાગ્યા.

રાસકારે તે હૃદયદ્રાવક વર્ણન તથા શ્રી અમરસાગરસૂરિના વિલાપ તેમ જ મનની વ્યથાને અક્ષરદેહ આપી સુંદર રીતે પદ્યમાં ગૂંથી લીધેલ છે. અમરસાગરસૂરિ કહે છે : 'હે મારા પૂજ્ય કલ્યાણ ગુરુ ! હે કરુણાનિધિ ! હે નાથ ! સ્નેહથી અમારી સામે તો જુઓ ! અમને કાં તરછોડો છો ? હે નાથ ! મારી અરજ તો સાંભળો ! આપ નિષ્ઠુર કેમ થાઓ છો ? આપ હસતે મુખડે અમને જોતા અને હાથમાં પાઠું લઈ અમને વાચના આપતા ને આજે નેહ કેમ નથી ધારણ કરતા ! હે ગચ્છેશ્વર ! હે સૂરીશ્વર ! મારી એક જીભડીથી આપના ગુણોનું વર્ણન કેમ કરી શકું ? હે સંતવત્સલ ! હે મુનિપાલ ! તમારા અજબ દેદારથી આખું જગ મોહ્યું છે. લાંબા કાળ સુધી છત્રની જેમ અમારા ઉપર નાયક તરીકે રહો ! હા યોગીશ્વર ! હા નિર્દંભી ! મારી વિનંતિ સાંભળી મુખથી આપ બોલો તો સહી......'

અંતે શ્રી કલ્યાણસાગરસૂરિ સ્વસ્થ ચિત્તે સમાધિમય બની શ્રી જિનભગવંતનું ધ્યાન ધરતા વિજય મુહૂર્તે સ્વર્ગવાસ પામ્યા.

આ વાત સાંભળી ચોમેર સૌ શોકાતુર થયા. અંતિમ સંસ્કારક્રિયા કરવા રુદન/વિલાપ કરતા ભક્તો માંડવીની તૈયારી કરવા લાગ્યા. આ બાજુ ભક્તો સોના-ચાંદીની મુદ્રાઓથી કે ચંદન-કેસરના વિલેપનથી ગુરુનાં નવ અંગોની પૂજા કરવા લાગ્યા. દેવવિમાન જેવી મોટી અને ભવ્ય માંડવી (શિબિકા)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૈયાર કરી. પછી તેમાં ગુરુના શરીરને પધરાવ્યો. વાજિંત્ર-નિશાન વાગવા લાગ્યાં. અગર/ધૂપ ઉવેખ્યાં. ગુરુના નામે દાન આપવા માંડયાં. કેટલાક અબીલ અને મહોરો ઉછાળવા લાગ્યા. આ વખતે રાજકુમાર-મહાજન સૌ રડવા લાગ્યા. ચાલતાં ચાલતાં અગ્નિ સંસ્કાર સ્થળે આવ્યા, અને ચંદનનાં લાકડાં પર ગુરુની માંડવી ગોઠવી, અગ્નિસંસ્કાર કર્યો. બાદ, પવિત્ર થઈ અર્થાત્ સ્નાન કરી દેરે આવ્યા. ગીતાર્થ ગુરુ પાસે ઉપદેશ સાંભળી સૌ સૂરિના ગુણોને યાદ કરવા લાગ્યા. કવિ કહે છે:

'ટાલ્યા તે કિમ વિસરઈ રે, દઈ ગયા દિલ દાહ.'

આગળ કવિ કહે છે: 'સં. ૧૭૧૭ ના આસો સુદ ૧૩, ગુરુવારના ગુરુ સ્વર્ગે ગયા.'

ગુરુનાં વિરહદુઃખને કવિ વર્ણવે છે: 'સમય સમય સાજણ તણો રે, સાલઈ વિરહ સદીવ...'

કવિ કહે છે: 'વારંવાર (સદૈવ) પ્રિય ગુરુવરનો વિરહ સાલે છે.' ગુરુના ગુણો કવિ કોઈ રીતે ભૂલી શકે તેમ નથી. ગુણવર્ણન કરતાં કરતાં કહે છે: 'સ્વર્ગવાસના આગલે દિવસે તો ગુરુ હસતા-મલકતા હતા. હિતભર્યાં લોચનોથી જોતા હતા. કોઈને તુંકારથી બોલાવતા નહિ. તુચ્છ વચન ન બોલતાં ભલી શિખામણો આપતા. સુંદર આચારો શીખવતા. દિવસમાં દશ વાર અનેક ગ્રંથો ભણાવતા હતા અર્થાત્ વાચના આપતા.'

અહીં રાસ અશુદ્ધ લાગે છે. કેટલીક વિગતો બરાબર સમજાતી નથી. 'સ્વર્ગવાસના સમાચાર સાંભળી રાજા (ભૂરમણ) અલૂવાણે (ખુલ્લે) પગે દોડી આવ્યા અને ગુરુના ગુણોને યાદ કરવા લાગ્યા.' અહીં રાસમાં જૂની કચ્છી બોલીના શબ્દો લાગે છે. અમરસાગરસૂરિને રાજા કહે છે: 'હે ગુરુ! હલ્યો વ્યો...પીર...વડો પીર!'

અંતમાં કવિ કહે છે: 'અગ્નિ સંસ્કાર સ્થળે ઘુમ્મટ નીચે સ્થંભ-થુભ રચી, તેમાં ગુરુનાં પગલાં સ્થાપવામાં આવ્યાં. ભૂજનગરમાં તે થુભ અને રાસ જયાં લગી સૂર્ય છે, ત્યાં લગી સ્થિર રહો.'

છેલ્લે, રાસકારે પોતાના ગુરુનો પરિચય આપી 'આ રાસ સહુ જન વિમલ ભાવે દિલમાં સદ્દહજો અને રાસ સાંભળી સુખ પામજો' એવી શુભ ભાવના વ્યક્ત કરેલી છે.

આ રાસમાં ઠીક ઠીક અશુદ્ધિઓ લાગે છે. તેમ જ પ્રત લખતાં વચ્ચે કોઈ ઢાળ રહી ગઈ હોય યા આગળ પાછળ લખાઈ ગઈ હોય એમ લાગે છે. આ રાસની અન્ય પ્રતિઓ શોધવી ખૂબ જ જરૂરી છે. શ્રી કલ્યાણસાગર સૂરિ સં. ૧૭૧૭, આસો સુદ ૧૩, ગુરુવારના કાળધર્મ પામ્યા. આ હકીકતમાં હવે કોઈ શંકાને સ્થાન નથી. અન્ય પ્રમાણો મુજબ કલ્યાણસાગરસૂરિની સ્વર્ગવાસ સંવત ૧૭૧૮ પ્રચલિત છે. આનું સમાધાન પણ સરળ છે. કારણ કે, કચ્છમાં અષાડ સુદ ૨ થી નવું વરસ શરૂ થાય છે. સં. ૧૭૧૮ ના આસો સુદ ૧૩ ના શ્રી કલ્યાણસાગરસૂરિ કાળધર્મ પામ્યા, ત્યારે બીજે ગુજરાતમાં સં. ૧૭૧૭ જ પ્રચલિત હતી. અંતમાં, આ રાસકાર કવિએ જ રચેલા 'શ્રી વીરવંશાનુક્રમ'માં તેમણે પૂ. દાદાશ્રી કલ્યાણસાગરસૂરિની વિશેષતા આ રીતે બતાવી છે:

तैः सिक्ताः स्वीयपटे वर त्रिनयच्छुषः शास्त्रसारार्थ विज्ञाः ।  
लालाख्य प्रौढ भोज प्रभृति नरपतिव्रीत वन्द्यांह्रींपद्माः ॥  
जाता यद्धर्मवाण्या प्रतिपुरममिता संघ चैत्यप्रतिष्ठा ।  
ते कल्याणाब्धिसूरीश्वर गणगुरवो जज्ञिरे धैर्य धुर्याः ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ

### (મૂળ)

પ્રણમું **પારસનાથ** પ્રભુ, ભુજમંડણ ભગવંત;
ચિંતામણિ ચિંતાહરણ, આપઈ રિદ્ધિ અનંત. ૧
**ધર્મમૂર્તિ** પટ્ટોધરૂ, ભવિકમહિત જગિ ભાણ;
**કલ્યાણસાગરસૂરિ** (કઉ) કેરઉ, નિરમું શુભ નિર્વાણ. ૨
પુર **લોલાડઈ** પરગડા, સિરિમાલી શિણગાર;
**નાનિંગ કોઠારી** નિપુણ, **નામલદે** તસુ નારિ. ૩
સોલ તેતીસ (૧૬૩૩) વૈશાખ સુદિ, તિથિ છઠિ તિહુયણસાર;
કુલમંડણ **કોડણકુમર**, જાયો જગદાધાર. ૪
વધયો વષતવલી વિદુષ, ભલ વિદ્યા ભણણહાર;
કાંઇક સંષેપિઈં કહું, અથ સંજમ અધિકાર. ૫

### પહેલી ઢાળ

(રાગ : મારૂઅડી/સાધુ સોભાગી વિધિપક્ષ ગણધરુજીએ)

વિધિપક્ષ ગચ્છપતિ ભાવઈ વાંદઈંજી, કલ્યાણસાગર સૂરીશ;
સોલ બઈતાલઈ(૧૬૪૨) સંયમ લઇ થયાજી, ધર્મમૂર્તિ ગુરુ સીસ. વિધિ૦ ૧
વિદ્યાવંતા વિવેકી બુદ્ધિ નિધિજી, કનક વરણ મૃદુ દેહ;
સંવેગી પક્ષ લાગિ જાણિનઈજી, સોભાગી ગુણ ગેહ. વિધિ૦ ૨
સોલઉગણ પંચાસઈ (૧૬૪૯) શુભ દિનિઈજી, આચાર્ય પદ દીધ;
મહિતઈ ગોવિંદ અતિ આડંબરજી, તેહ મહોત્સવ કીધ. વિધિ૦ ૩
વીસ વરસ યુવરાજપણા રાણઈજી, ઈણિ ગુરિ લાહો લીધ;
યુગપ્રધાન ભટ્ટારક ગછધણીજી, હુઆ તિ દનું પ્રસિદ્ધ. વિધિ૦ ૪
પિણ સાધુ તણઈ પરિવારઈં પરવરચાજી, વસુધા કરઈ વિહાર;
દઈ શુદ્ધ ધરમની દેશનાજી, કરવા પર ઉપગાર. વિધિ૦ ૫
પ્રતિષ્ઠા અતિ બહુત જિણંદનીજી, હુઈ જસ ઉપદેશ;
પ્રતિબોધ્યા બલવંત ઘણા ગુરઈજી, દેસાધીસ નરેશ. વિધિ૦ ૬
શેત્રુંજાદિક તીરથના ઘણાજી, સંઘ હુઆ જસ વાણિ;
જાત્ર કરી તિણિ સાથઈ શુભમનિજી, સંચિ સુકૃત ષાણિ. વિધિ૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાધ્યાય વણારિસ પદ દીઆજી, પંડિત મંડિત ગચ્છ;
કીધઉ લઘુ વડ દિખ્યા સાધુનઈજી, દેઈ કીધા સ્વચ્છ. વિધિ૦ ૮
ચઉથું વ્રત બાર નિયમ તણાજી, શ્રાવકનિ ઉચાર;
કરાવ્યા આલોયણા દઈનઈજી, ભતાર્યા ભવપાર. વિધિ૦ ૯
શ્વેતાંબર દિગંબર દરસણીજી, સંતોષ્યા સવિ તેહ;
વાદ કરી બહુ વાદી જીતીઆજી, મેટી મન સંદેહ. વિધિ૦ ૧૦
ઈણિ પરિ ઉદિત વિહારતાજી, કરતા ઉત્તમ કામ;
અમરસાગરસૂરિંદ ષંભાઈત્તિઈજી, આપ્યા બહુ ગુણ ધામ. વિધિ૦ ૧૧
શ્રીપદ મહોછવ કીધ અઝાઉરઈજી, દોસી લહુજી ઉલ્હાસિ;
પરિઘલ ધન ષરચી પધરાવીઆજી, દીવબિંદરિ ચઉમાસિ. વિધિ૦ ૧૨

(દુહા)

કરી ચઉમાસી તિહાં કણિ, પૂરણ દિલ પ્રસન્ના;
તેડાવઈ ભુજથી તેહવઈ, મેલ્લઈ મિલિ મહાજન. ૧
સંઘ તણઉ આદર સબલ, રાઉત માચી રંગિ;
પેષી કછિ (કચ્છ) પધાર્યા, સાધુ ભલા લેઈ સંગિ. ૨
સામઈયા વહી સહુ, રાઉત સંઘ ધરિ રાગ;
(વડ હથ ?) ધન બહુ વાવરઈ, લહી ઈસઉ શુભ લાગ. ૩
વલિ રાષઈ બીજઈ વરસિ, આગ્રહ કરી અપાર;
ઘણા સંઘ તેડાવીઆ ઘરે, ઉછવ કરઈ ઉદાર. ૪
પરવ પરજૂસણ શુભ પરિ, આરાધઈ અરોગ;
આગલિ વાત આસુ તણી, સાંભલયો તજી સોગ. ૫

## બીજી ઢાળ

(વિસારી મુઝ વાલ્હઇ—એ ઢાળ)

ચંદ કિરણ થઈ...જગગાહઈ રે, જસુ જસ વડ જંઘ;
તિણિ ગુરઈ સુદિ તેરસિ દિનિ, તેડાવી રે નિજપાસઈ સંઘ. ૧
સુલલિત વચને શીષ દઈ, અતિ મીઠી રે જિમ સાકર દ્રાષ;
પટોધર મુનિ સંઘની, સુભ ઉઠા રે દેષાડી લાષસુ. ૨
સરખી મીટ (?) સાધુ નઈ, રાષેયો રે નિજ રાગી વછ;
કથને પણિ મત દહવઉ, જિમ ચાલઈ રે સુપરિ એ ગછ. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુછ વચન સુણિ કેહના, મતવાડો રે ચટકો મુનિરાજ;
ઉપશમ ધીરજ આદરે, સમતાંઈં રે સીજઈ સવિ કાજ. ૪
કરિયો કામ વિચારિનઈ, પૂછી નઈ રે ભલા પંચ પટ્ટીક;
ટેક ગ્રહી નિરવહ્યો, શુભકામિ રે હોયો નિરભીક. ૫
દંડ નીતિ અવધારયો, દેયો રે ને (જો)ઈ આદેસ;
સાર કરે ગ...ણની, ઈણિ વાતઈં રે હુયો અતિ પેસ. ૬
પોતાના કુણ પારકા, સહુ કોનિ રે કરચો મનોહાર;
સુત સઘલાં અવગાહ્યો, આરાધ રે વ્રત નિરતિચાર. ૭
સુગુણ રયણ ભંડાર છઈ, જાણેયો રે એ સંઘ અમૂલ;
કહઈસી નતિ તે માનયો, પોતાના રે કરચો અનુકૂલ. ૮
ગીતારથ રિખી સાંભલો, સિરિ વહ્યો રે એ ગુરુની આણી;
પંચાચારઈ ચાલીયો, વલી કરચો રે સંઘ વાંણિ પ્રમાણ. ૯
સંઘ સુણો ભારી ષમી, પાલેયો રે જિન ધરમ અબાધ;
નિજ પષ્પ સોભ વધારયો, માનો છઉ રે તિમ માનેયો સાધુ. ૧૦
અવગુણ દેખી સાધુનો, ઢાંકેયો રે......થાયો ગંભિર;
મત લોપઉ રહ રીતિરેષા યોગે, ઉપગારિઉ રે હોયો ધર ધીર. ૧૧

(દુહા)

કહઉ પૂજ્યસું સહુ કહઇ, ચલિત ચિત્ત ગહિચોજ:
સીષ સર્વંનિ સામઠિ, આપઉ કિણિ આલોજ. ૧
વદઇ સુગુરુ મિઇ ગુરુવચન, અંગતણઇ અહિનાણિ;
આજ આયુ નઉ આસિરઉ, પેષ્યો સુપત પ્રમાણિ. ૨
તિણિ કારણિ અણસણ તણી, હુઇ છઇ મુજ હામ;
અમલ દિલઇ આરાધિ નઇ, કરસ્યું આતમ કામ. ૩

## ત્રીજી ઢાળ

(રાગ - સુણિ રે વાલ્હા-એ ઢાળ)

ગુરુના મુખથી એહવી, વાંણિ સુણિ જબ કાંનિ;
વજ્રપાત સરિખા લગી રે, જેહૂથી અમિય સમાનિ રે. સા૦ ૧
સાહિબ સાંભલોઉ મત છોડઉ ઇણિ વાર રે;
વચને એહવે પામઇ,......દુઃખ પરિવાર રે. સા૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરિ લોચન ગદ ગઇ સ્વરઇ રે, સહુકો જંપઇ એમ;
સાવધાન સવ(ધ)ડ કથકા, જગગુરુ કહઉ એમ રે. સા૦ ૩

ગ્યાન તણાઇ બલિ ગાજતા, જિન શાસનપતિ સાહુ રે;
વિચરો છો દેષાવતા, સુદ્ધ મુગતિપુર રાહો રે. સા૦ ૪

ઉતકંઠિત ચિત ચિંતવઇ, શ્રાવક ઠામો ઠામિ રે;
હજી વડા ગુરુ વાંદસું, બહુ દિન દરસણ પામિ રે. સા૦ ૫

આચારિજ નાન્હા અજો, વંદાવઉ ગુજરાત રે;
ગોડી ભેટઉ પાટણઉ (?), સમય હોસ્યઇ એ વાત રે. સા૦ ૬

કહઇ ગુરુ તુહ્માં સોન થિઇ રે, સુષ વિલસ્યાં નિસિ દિસ;
હાલ હુકમ ગછનીતિનાં રે, ચલ વ્યાધિ કઇ અબીહ રે. સા૦ ૭

તીરથ ફરસ્યા જિન નવ્યા, ઉંણિ મન રહી કાંઈ રે;
તે ઉપાય કરું હવઇ, જિણિ પરગતિ સમરાઇ રે. સા૦ ૮

એ નાન્હાપણિ તેજથી રે, પુષત હરિશિશુ જેમ રે;
એહ ભલઇ તુહ્માનિ, તુમ્હારે સદહહોનિ તેમ રે. સા૦ ૯

(દુહા)

ચુકઈ ટેક ન જાસુ મન, વિસૂઆવીસ વિરત;
ઉતારચો કિમ ઉતરઈ, રંગમિ જીવઈ રત્ત. ૧

ઊપશમ ભાવિઈ ઊજલઈ, છલ છંદ માદિ છંદિ;
આલોઇ અઘ આપણાં, મન સાખી જન મંડિ. ૨

## ચોથી ઢાળ

(દેશી : નહણે નિહાલઇ હો હરિ કરિ દેવકીએ ગજસુકુમાલ)

પરમ દયાલ હો જિનેસર તારિ તું, અરજ સુણો મહારાજ;
પાપ અનંત ભવઇ નિજે કરચાં રે, છોડિ ગરીબ નિવાજ.
પરમ દયાલ – એ આંકણી. ૧

પૂઠવી પાણી અગનિ પવન થિર, સાધારણ પ્રત્યેક;
સુષિમ બાદર બિતિ ચઉરિંદીઆ રે, જલ થલ ખેચર અનેક. પરમ૦ ૨

ઉરપરિ, ભુજપરિ, સનિ અસનિઆ રે, પજા અપજ વિચાર;
અડનાલીસ, સ...તિર્યંચના રે, હેવઇ માનવ અધિકાર. પરમ૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીસ અકરમ કરમ પન્નર ધરા રે, અંતરદીપ છપન્નિ;
એ બિમણા સમુછમ એતલા રે, તિણ સઉ નઈ એ તિન્નિ. પરમ૦ ૪
ભવનપતિ દસ, વિંતર સોલબિઇ, પરમાધામી નામ;
પનર દસ તિરિજંભક, જ્યોતિષી રે, ત્રિણિ કલબેખીયા ઠામ. પરમ૦ ૫
બાર કલપવાસી લોકાંતિકા રે, નવવલિ તિમ ગ્રેવેક;
ગ્રેવેક પંચ અનુત્તર તે બિમણા, ગન્યઇ રે અઠાણુંસો એક. પરમ૦ ૬
સાતે નરક ચઉદસ નારિકા રે, એ સંસારી જીવ;
પંચસઇં ત્રઈસઠિ એમહ યાદિ, કહઇ રે દસહિ પડાવી રીવ. પરમ૦ ૭
રાગદ્વેષઇં મનવચ કાયસ્યું રે, અનુમતિ કરણ આદેસ;
અનરથ દંડઇ અરથઇ જે હણ્યા રે, કરિ નઈ મઈલી લેસ. પરમ૦ ૮
ગત નિંદું હાલરિને સંવરૂં રે, અનાગત પંચખાંણ;
અરિહંત સિદ્ધ સુસાધુ સુરગુરા રે, અંતિમ સાખિ પ્રમાણ. પરમ૦ ૯
લાખ છતીસ સહસ અડયાલસ્યું, સઉંબઇનદ ચાલીસ;
મિચ્છા દુક્કડ ઘુંઉની સચ દીલઇ રે, પામું નામી શીસ. પરમ૦ ૧૦
સમકિત પંચાચાર મહાવ્રતઇ રે, દૂષણ લાગો કોઈ;
જિન તથા પરુપણા રે, પ્રમાદ સેવ્યઉ હોઈ. પરમ૦ ૧૧
ષાણિ અપાર અઢાર અનાદિજી રે, સંચી મુકયાં પાપ;
તે નિંદું ગિરહું પ્રભુ આગલઇ રે, સિરિ ધારૂં જિન છાપ. પરમ૦ ૧૨
ત્રિવિધઇ ચ્યાર આહાર તજઈ કરઇ રે, અણસણ નઉ ઉચાર;
ગણિઇ નવકાર સંઘ મુષઇ વસિ રઈ રે, દેહ ઉપધિ પરિવાર. પરમ૦ ૧૩
કોઈ નહીં મુજ, હું કેહનો રે, ધરમ સખાઇ ધારિ;
ચ્યાર શરણ પડિવજઈ ભાવના રે, ભાવ બાર પ્રકાર. પરમ૦ ૧૪

(દુહા)

સૂના થિર વંધ્ય સા...રઈ, લોક અગ્ર લયલાય;
ઈણિ અવસરિ મન મુનિ તણા, ધિર પણિ કાયર થાય. ૧
ઘડી માંહી વેલા ઘણી, નિજ જીભઈ લેઈ નામ;
વપુ કારિ બોલાવતા, ગુરતે ચાલઇ ગાંમિ. ૨
કિણિહી સાષઈ નવિ કરઇ, આલોકણ આલાપ;
આ સંગાયત આવટઇ, વ્યાકુલ કરઈ વિલાપ. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પાંચમી ઢાળ

( રાસણિ/રાગ : બાલમો દેખો સંબૂઝ પુત્ર–એ ઢાળ )

પટ્ટોધર ઈમ અમરસૂરીંદ, ગુરુ ગુણ ભાષઈજી;
ધરમ સનેહ વતી જલધાર, આપઈ.........ઈજી.
મેરે પૂજ્ય કલ્યાણજી કરૂણા કીજીઈજી. ૧

કરૂણા કીજઇ કરૂણા નાથ! આંષિ હું ધાડોજી,
નેહઉં સામ્હઉ જોઉ નાથ! કાં હિત છંડોજી,
મેરી અરજ સુણઉ, નિઠુર કાં હુઆજી. ૨

હસિ હસિ માથઇ ફેરતા, હાથ મુષડું જોતાજી,
પાઠું લેઇ પોતાનઇ હાથ, વાચના દેતાજી,
તે આજ નેહ ના(જા)હું, આસા ભણીજી. ૩

છોરૂ જિમ...........પુજ્યા, જે કર છાંહિજી,
તેત્રી તીરથ સોચઇ પૂજ્ય, રૂષ મન મા(ના) હિજી,
તેરા સાધુ સંભાષઇ, શોકાતુર થકાજી. ૪

શ્રાવકનિ બોલવઉ પૂજ્ય, હાથ પસારીજી,
ધરમોપદેસ સૂણાવો પૂજ્ય, મૌન્ય નિવારીજી,
તેરા સંઘ પોકારઇ, અમો આંગણેજી. ૫

હા ગછેસર, હા! સૂરીશ! ધરમ પટોધરજી,
હા! મદકલત્રુજ જિમ સોંડી રોહરિ સમદુદ્ધરજી,
મેરી એકણિજી ભઇ ગુણ કે તીક........... ૬

હા! ષટ્જીવ નિકાય દયાલા, હા! મતિસાગરજી,
હા! દાનેસર, હા! માનેસર! વિદ્યાસાગરજી,
તેરી કીરતિ ગાઇ પંડિત, ચિહું દિસિજી. ૭

હા! દુઃકર તપકારક ધીર, હા ગુણ ગ્રાહકજી,
હા! સંત વચ્છલ, હા! મુનિપાલ, ચતુરાં ચાહકજી,
તેરઇ અજબ દીદારઇ, મોહ્યઉ જગસહુજી. ૮

છત્ર સરૂપ થકા ચિરકાલ, માથઇ રહસ્યજી,
પણિ ઇણિઇ અવસરિ છેહઉ દેઇ, ઈમ નાથ હસ્યજી;
તેરી એહવી માયા રે, મિં જાણી નઇજી. ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂ ડાંડી પડલે હઉ પૂજ્ય. (થા)પના કીજઇજી,
મનના સંસય મેટઉ પૂજ્ય, અરથ કહી જઇજી;
મેરઇએ હવઇ બોલઇ, ઉત્તર સ્યઇ ન દીઉજી. ૧૦

હા! યોગીસર, હા! નિરદંભ, હા નિરલોભીજી,
હા! સમમિંદિર, હા! દમવંતી, હા! જગથોભીજી,
મેરી વીનતી માનો રે, બોલઉ મુષ થકીજી. ૧૧

(દુહા)

સોચા મ કરોઉ સૂરિવર, આષઇ સહુ કો એમ;
જસ જગિ ઊજલ જેહનો, કહો સોચી જઇ કેમ. ૧

ઊઠઉ બઇસો આરાણિ(મિ), વાંદી કરઉં વિદાય;
હવઇ ગુરુ નિઃસનેહા હૂઆ, ઊડણ કારઇ ઉપાય. ૨

મન સંતોષ સમાધિમયા, ધરતા જિનવર ધ્યાન;
વિજય મહુરત સૂરિવર, વાસઇ દેવ વિમાન. ૩

**છઠ્ઠી ઢાળ**

(રાગ : રાજેસર રાવણ હોય સીતા રામના રાસની)

નિરષિ વાતઇમ નીપની રે, સહુ શોક ઉર થઇ;
પણિ કેણઇ હી વિધિ મતિ રે, જોર ન કીધો જાઇ. સૂ૦ ૧

સૂરીસર સાહિબ હો નાથ ન તોડો નેહ;
સનેહી સાંભલો હો, માયા પહિલું મંડિ નઇ રે.
છટકી ન દીજઇ છેહ. સૂ૦ ૨

કનક રજત મુહરઇ કરઇ રે, અરચી બહુ નવ અંગિ;
અંગ વિલેપઇ રંગી જઇ રે, ચંદન કેસર ચંગ. સૂ૦ ૩

રુદન વિલાપ કરઇ રચઇ રે, સરગ વિમાન સમાન;
મોટી વહિલી માંડવી રે, દીઇ ગુરુ નાંમિ દાન. સૂ૦ ૪

પઉઢાડઇ હવઇ પૂજ્યને રે, શિબિકામાંહી શરીર;
ઉછાલઈ તસુ આગલઇ રે, અતિ ઘણા મહોર અબીર. સૂ૦ ૫

અગર ઉષેવઇ અતિ ભલો રે, નેજાઘણ નિસાણ;
વાજઇ બહુ વાજાં વલી રે, હુઇ લોક હેરાણ. સૂ૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજકુમાર મહાજન રડઈ રે, આંસૂ ઝરઇ અપાર;
લેઈ પહુતા થાંનિક લગઇ રે, અગનિ સંસ્કાર. સૂ૦ ૭
ઈંધણ સૂકડિ અગરના રે, સીંચી મધુ ઘૃતસાર;
દેઈ દહિન સૂચિ થાઇ નઇ રે, આવઇ પાસિ અગર. સૂ૦ ૮
અઘાણા (?) તિહાં આણિનઇ રે, જતિ જુહારઇ દેવ;
સાધુતણી વિધિ સાચવી રે, આવઇ આલઇ હેવ. સૂ૭ ૯
દુ:ખ હરણો ઉપદેસ દીઇ રે, ગીતારથ ગુણ ગેહ;
સમરઇ ગુણ સહુ સૂરિના રે, જીવન આતમ જેહ. સૂ૦ ૧૦
શુભ સહજઇ સંતોષિનિ રે, ચલ્યા લગાઇ ચાહ;
ટાલ્યા તે કિમ વિસરઈ રે, દઇ ગયા દિલદાહ. સૂ૦ ૧૧

(દુહા)

સત્તર સય સત્તોત્તરઇ, માસ આસુ મજારિ;
સુદિ તેરસિ સરગઈ સુષઈ, વસીયા સુગુરુ ગુરુવારિ. ૧
પણિપરિકર નિત્ય પગ પગઈ, ઝૂરિ ઝાંષર થાઇ;
તિ કારણ જે દિવસ રિ (રિપુ), સાલઇ તિણિઇ સવાઇ. ૨

## સાતમી ઢાળ

(રાગ : વૈરાગી થયો)

સમય સમય સાજણ તણો રે, સાલઈ વિરહ સદીવ;
હે જાલુ...હી ઉંધાણું..., જિણિસ્યું વેધ્યોઉં જીવ રે.
શ્રીગુરુ સાંભારઈ. ૧
સસને હી સુખકાર રે, પૂજ્ય કલ્યાણજી;
જીવન પ્રાણ આધાર રે. શ્રી૦ ૨
પાવક રૂપ વિયોગની રે, પ્રગટી ઘટિ જિણિ ઝાલ;
કિમતે બુઝઈ વિણુ સુણઈ, સદ્ગુરુ વચન રસાલ રે. શ્રી૦ ૩
વીચઇ જેહનઇ તે લહઇ રે, અવર ન જાણઇ પીડ;
હરષ દરસણ જેહના રે, તે ખટકઈ જિમ તીર. શ્રી૦ ૪
હસતા રમતા લોટતા, જે આગલિ દિન રાતિ;
ભણતા ગુણતા પુછતા રે, તિણિ ગુરુ મુકી નાતિ. શ્રી૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃદુ વચન બોલાવતા રે, હિત ભરિ લોચન જોઈ;
તું કારઉ કોઈનિ નહી રે, તુછ વચન કદિ કોઈ રે. શ્રી૦ ૬
શીષામણ દેતા ભલા રે, શીષવતા આચાર;
ગ્રંથ અનેક ભણાવતા રે, દિન માંહિ દસ વાર રે. શ્રી૦ ૭
આડો માડી માંગતી રે, વસ્ત્ર પરતિહર ભાતિ;
ના કહી નઈ ન ...... ત્રિચોડતા રે, પૂરી કરતાષોતિ. શ્રી૦ ૮
વધારતા બહુ ભરત બો રે, દિતા નવ નવા થોક;
કલ્યાણસાગરસૂરિ તે રે, પહુતા પ્રભુ પરલોક. શ્રી૦ ૯

(દુહા)

રાઉત માચી ભૂરમણ, અલૂવાણે પગિ આવિ;
વાંદી છઈહી તઇ વદઇ, શુભ વચને સમજાવિ. ૧
હે ગુરુ ષટી હુલ્લયઉ, પીર વડો પીર;
તઇ તિહિંયઇ કુલિનવડા, વિઠ્ઠા અયઇ ઉવીંશ. ૨
પાણ અમી પીય દંડા, કદુઇનદ્ર પિજઇ કીંય;
પ્રાણ ચલઇ પાણિ જઉ, હલઈં થયા સહિં હીય. ૩
વિદ્વાન રહઇ દયાવડા, કિહિયા.........કાલ;
આઈં બુજઝાયા અહે, હિં દૂનીયા યા હાલ. ૪
ડયઇ ભલા સાઉ ઝિડુષ, સચ્ચઈં છંડો શોક;
થટ તુંહિય ઇષઈં ધોરિનઉ, થિં ચંગા થોક. ૫
સૂરીસર મુનિવર સયલ, સોગ નિવારો સાહિ;
ધૂમર વઇ થિર થંભ થિતિ, માંડઇ પગલાં માહિ. ૬
નામ જપઇ ગુરૂ પગ નમઇ, સફલ હુઇ સુવિહાણ;
થૂભ રાસ જસ થિર રહ્યો, ભૂજે નગરિ જગ ભાણ. ૭

**આઠમી ઢાળ**

(રાગ : ધન્યાશ્રી/ઈમ શાલિભદ્ર ધન્નો રિષિ)

**મંગલમાલા** કીર્તિ કલ્લોલા, ગુરુ નામિ રંગરોલાજી;
**કલ્યાણસાગરસૂરિ** તાણાં મિ, ગુણ ગાયા મન હાંમિજી.
મંગલમાલા૦ એ આંકણી.
તસુ પટોધર અધિક વિરાજઇ, બિરૂદ ઘણાં જસુ છાજઇજી;
ભટ્ટારક જિણ સાસણ ચંદા, **અમરસાગરસૂરીંદાજી.** ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુગપ્રધાન સકલ ગુણગેહ, જંગમ તીરથ જેહાજી,
વિચરઉ ભવિક કમલ પ્રતિબોધઉ, રવિ જિમ અઘ તિમીર ઉઘઉજી. ૩
**વિધિપક્ષ** ગચ્છ વડો વરદાઈ, રંજસુ આદિ બડાઈજી;
પંડિત **ઉત્તમચંદ** મુણીંદા, બાંધવ **લક્ષ્મીચંદાજી.** ૪
**શિષ્ય** તેહનઉ **લાવન્ય** ભાવઈ, ગચ્છેસર ગુણ ગાવઈજી;
સહુ જન વિમલ દિલઈ સદ્દહ્યો, રાસ સુણી સુષ લહ્યોજી. ૫
મંગલમાલા કીર્તિ કલ્લોલા૦

ઈતિ **શ્રી** કલ્યાણસાગરસૂરિ નિર્વાણ રાસ સંપૂર્ણ
(સંવત ૧૭૧૮ વર્ષે વિશાષ સુદી ૩ ગુરુવાર)

[ પત્ર ૪. ચંદ્રસાગરસૂરિ જ્ઞાનભંડાર/ઉજ્જૈન ]

ઉપરોક્ત લખાણ વિદ્વદ્વર્ય શ્રી અગરચંદ નાહટા (બિકાનેર) પાસેથી તા. ૧૫-૧-૭૯ના મળેલું છે. તેમણે વર્ષો પહેલાં ઉજ્જૈનના ભંડારમાંથી આ પ્રત મેળવેલી. તેમણે મોકલેલાં પાનાં જીર્ણ હતાં. લખાણ પણ અશુદ્ધ હતું. આ પ્રત પરથી યથાશક્ય ઉતારો કરી અહીં આપેલ છે.

લિખિતં ગોરેગાંવ (મુંબઈ) અચલગચ્છ જૈન ઉપાશ્રયે સં. ૨૦૩૫, પોષ વદ ૩૦ શનિવાસરે.
મુનિ કલાપ્રભસાગરેણ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org